GJGS030007622022

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૭/૦૭/૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | ૦૭/૦૭/૨૦૨૨ |
| ફેસલ તારીખ | ૧૩/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | દિવસ–મહીના–વર્ષ |
| | ૦૬ ૦૦ ૦૪ |

**ગીરસોમનાથ જીલ્લાના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રી તથા**
**સ્પેશ્યલ જજ(એટ્રોસીટી)ની કોર્ટ સમક્ષ, મુ. ઉના.**

=====================================================

**–|| એટ્રોસીટી કેસ નં. ૦૫/૨૦૨૨ ||–**

=====================================================

**આંક–**

**FORM–A**

| | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૧૩/૦૭/૨૦૨૬ |
| **એટ્રોસીટી કેસ નંબર** | ૦૫/૨૦૨૨ |
| **ગુનાની કલમ** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) |
| **ગુના રજી.નં.** | ઉના પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૨૦૭૩૪/૨૦૨૨ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદ પક્ષે** | વિ.ડી.જી.પી.શ્રી કે.ડી.વાળા |
| **આરોપીઓ** | (૧) વિરલભાઇ વિજયભાઇ વ્યાસ, ઉ.વ.૩૮, ધંધો–નોકરી, રહે.મહાકાલેશ્વર મંદીર, ઉના, તા.ઉના, જી.ગીર સોમનાથ<br>(૨) પરવેઝખાન હસનખાન ઘોરી, ઉ.વ.૪૦, ધંધો–નોકરી, |

| | |
|---|---|
| | રહે.મોટા ઉચાણીયા, તા.જાફરાબાદ, જી.અમરેલી |
| **બચાવપક્ષે** | આરોપીઓ તરફે – વિ.વ.શ્રી એસ.જી.મોરી |

## FORM–B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | તા.૨૨/૦૫/૨૦૨૨ |
| **એફ.આઇ.આર. ની તારીખ** | ૨૩/૦૫/૨૦૨૨ |
| **ચાર્જશીટની તારીખ** | ૨૮/૦૬/૨૦૨૨ |
| **તહોમતનામુ ઘડયાની તારીખ** | ૨૦/૦૧/૨૦૨૩ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | ૨૫/૦૬/૨૦૨૬ |
| **ચુકાદા માટે રાખ્યાની તારીખ** | ૦૯/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૩/૦૭/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો હોય તો.** | – |

## – આરોપીની વિગત –

| આરોપીનો અનુ.નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિતની તારીખ | અધિનીયમ અને કલમ | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | BNSS કલમ–૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિરલભાઇ વિજયભાઇ વ્યાસ | ૨૭/૦૫/૨૦૨૨ | ૨૭/૦૫/૨૦૨૨ | ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જી.પી.એકટ કલમ ૧૩૫, એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) | નિર્દોષ | – | – |
| ૨. | પરવેઝખાન હસનખાન ઘોરી | ૨૭/૦૫/૨૦૨૨ | ૨૭/૦૫/૨૦૨૨ | | નિર્દોષ | – | – |

## FORM–C

### –ફરીયાદપક્ષ તરફેના સાહેદોની યાદી–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | |
| ૧ | ૨૪ | દીલીપભાઇ કાનજીભાઇ દાફડા | ફરીયાદી |
| **પોલીસ સાહેદો** | | | |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૯ | ઘનશ્યામભાઇ બચુભાઇ બાંભણીયા | તપાસ અધિકારી |

**બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.**

**એ. <u>ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ–</u>**

| અનુ.નં. | આંક/ સાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૨૫/૧ | ફરીયાદ |
| ૨ | ૨૬ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૩ | ૨૭ | આરોપીઓની શરીર સ્થીતીનું પંચનામુ |
| ૪ | ૨૮ | ઈજા પામનારનું સારવાર સર્ટીફીકેટ |
| ૫ | ૩૦/૨ | પોલીસ યાદી |
| ૬ | ૩૧/૨ | સ્પેશ્યલ રીપોર્ટ |
| ૭ | ૩૨/૨ | તપાસ ડેપ્યુટનો હુકમ |
| ૮ | ૩૩– ૩૪/૨ | સારવાર સર્ટી. મેળવવાની યાદી |
| ૯ | ૩૫/૨ | આરોપીઓની મેડીકલ તપાસણીની યાદી |
| ૧૦ | ૩૬– ૩૭/૨ | આરોપીઓના ફોર્મ–એ |
| ૧૧ | ૩૮/૨ | ફરીયાદીનુ જાતી પ્રમાણપત્ર |
| ૧૨ | ૩૯/૨ | જાહેરનામુ |
| ૧૩ | ૪૦/૨ | આરોપીઓનું ડયુટીલીસ્ટ |
| ૧૪ | ૪૧/૨ | એફ.આઇ.આર. |
| ૧૫ | ૪૨/૨ | કલમ સુધારાનો રીપોર્ટ |

**બી.** બચાવપક્ષ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

**સી. કોર્ટ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.**

**ગુન્હો :–** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ).

==================================================

## -: ચુ કા દો :-

### (ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૨૩૫ ની સાથે વાંચતા કલમ-૩૫૩ વાંચતા)

૧. આરોપીઓ ઇ.પી.કો. કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગેની ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

૨. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૨/૦૫/૨૦૨૨ ના રોજ ફરીયાદી બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ ઉના બસ સ્ટેન્ડમાં પ્રથમ માળે આવેલ ડ્રાઇવર અને કંડકટર રેસ્ટ રુમમાં સુતા હોય અને આરોપીઓ ત્યાં બેસી દારૂ પીતા હોય અને મોટા અવાજે વાતો કરતા હોય ફરીયાદીએ આરોપીઓને મોટા અવાજે વાતો નહી કરવા તેમજ બહાર જઇને વાતો કરવાનું કહેતા આરોપી નં.૧ નાએ ફરીયાદીને ભુંડી ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર મારેલ અને આરોપી નં.૨ નાએ લાકડી વડે ફરીયાદીને શરીરે આડેધડ માર મારી મુંઢ ઇજા કરી ભુંડી ગાળો બોલી જ્ઞાતી પ્રત્યે અપમાનીત શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ) મુજબના ગુનો કરેલ હોવાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે. સદર બનાવ સંબંધે ફરિયાદીએ તારીખઃ ૨૩/૦૫/૨૦૨૨ ના રોજ આરોપીઓ વિરુદ્ધ ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર રૂબરૂ ફરિયાદ નોંધાવેલ.

**૩.** ફરિયાદીની ફરિયાદ આધારે ઉના પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૨૦૭૩૪/૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસ તપાસમાં આરોપીઓને નામદાર સુપ્રિમ કોર્ટમાં થયેલ ક્રિમીનલ અપીલ નં.૧૨૭૭/૨૦૧૪ મુજબના જજમેન્ટ આધારે તા.૨૭/૦૫/૨૦૨૨ ના રોજ નોટીસ આપવામાં આવેલ.

**૪.** ત્યારબાદ પોલીસ તપાસ પુરી થતા પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ મુજબ ઉપરોકત કલમો મુજબના આક્ષેપો કરતુ ચાર્જશીટ સ્પે.કોર્ટ ઉનામાં રજૂ કરતા તેને સ્પે.એટ્રોસીટી કેસ રજીસ્ટરે સ્પે.એટ્રોસીટી કેસ નં.૦૫/૨૦૨૨ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**૫.** આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતા સદર આરોપીઓ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ છે અને ત્યારબાદ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આંક–૦૫ થી આરોપીઓ વિરૂદ્ધ ઉપરોકત ગુનાનું તહોમતનામું ફરમાવી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલો છે. તેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલી છે.

**૬.** સદર કામે ફરિયાદપક્ષ દ્વારા ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. આ સિવાય બીજા કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષ તરફે આ ફરિયાદના કામે રજૂ કરવામાં આવેલ નથી અને અંતમાં આંક–૪૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

૭. ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ ફરિયાદપક્ષ દ્વારા પુરાવામાં આરોપીઓ વિરૂદ્ધ જે હકીકતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તેનો ખુલાસો કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું આરોપીઓનું વધારાનુ નિવેદન નોંધવામાં આવેલુ છે, જેમા આરોપીએ પોતાના વિરૂદ્ધની હકીકતોનો ઇન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવે છે કે, તેઓ નિર્દોષ છે, તેઓએ આક્ષેપિત કોઇ ગુનો આચરેલ નથી, તેઓને ખોટી રીતે આક્ષેપિત ગુનામાં ફસાવી દેવામાં આવેલ છે અને અંતમાં તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

૮. આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. ડી.જી.પી.શ્રી કે.ડી.વાળાની તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.બી.જેઠવાની લંબાણપૂર્વકની મૌખિક દલીલો સાંભળી.

**૯. પોઇન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(ડી) મુજબ :–**

૯.૧ શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, તા.૨૨/૦૫/૨૦૨૨ ના રોજ ફરીયાદી બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ ઉના બસ સ્ટેન્ડમાં પ્રથમ માળે આરોપી નં.૧ નાએ ફરીયાદીને ભુંડી ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર મારેલ અને આરોપી નં.૨ નાએ લાકડી વડે ફરીયાદીને શરીરે આડેધડ માર મારી મુંઢ ઇજા કરી ભુંડી ગાળો બોલી જ્ઞાતી પ્રત્યે અપમાનીત શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૯.૨** શુ આખરી હુકમ?

**૧૦. ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

(૧) મુદા નં. ૯.૧ ચર્ચા કર્યા મુજબ ''**નકારમાં**''

(૨) મુદા નં. ૯.૨ ચર્ચા કર્યા મુજબ ''**આખરી હુકમ મુજબ**''

**: : કારણો : :**

**૧૧. સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–** ભારતીય ન્યાય પ્રણાલી તેમજ ફોજદારી વિધિશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**૧૨.** આરોપીઓ વિરુધ્ધ ઇ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુનાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે. જે ધ્યાને લેવા પાત્ર હોઇ, રેડી રેફરન્સ સારૂ સદરહુ જોગવાઇઓ અત્રે રીપ્રોડયુસ કરેલ છે.

**ઇ.પી.કો. કલમ–૩૨૩ :– <u>સ્વેચ્છાપુર્વક વ્યથા કરવા માટેની શિક્ષા:</u>**

"જે કોઇ વ્યકિત, કલમ ૩૩૪ માં જણાવેલા સંજોગમાં હોય તે સીવાય સ્વેચ્છાપુર્વક વ્યથા કરે તેને એક વર્ષની મુદત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા એક હજાર રુપીયા સુધી દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે."

**ઈ.પી.કો. કલમ–૫૦૪ :– સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન:**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવુ સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યકિત ઈરાદાપુર્વક બીજી કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) :– કલમ–૫૦૬ – ગુનાહિત ધમકીની સજા:**

જો કોઈ વ્યકિત ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

– જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વિગેરે કરવાની હોય – અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને માત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારીત્રહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ–૧૧૪ :– ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી:**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરીણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**જી.પી.એકટની કલમ–૧૩૫ :–**

**<u>કલમ ૩૭, ૩૯ અથવા ૪૦ હેઠળ નિયમો અથવા નિર્દેશોના ઉલ્લંઘન માટે દંડ:</u>**

– જે કોઈ કલમ ૩૭, ૩૯ અથવા ૪૦ હેઠળ કાયદેસર રીતે કરવામાં આવેલા આદેશનું ઉલ્લંઘન કરે છે અથવા તેના ઉલ્લંઘનને પ્રોત્સાહન આપે છે, તેને દોષિત ઠેરવવામાં આવશે – (એ) જો હુકમનો અનાદર કરવામાં આવ્યો હોય અથવા જેનો અનાદર કરવામાં આવ્યો હોય તે કલમ ૩૭ ની પેટા–કલમ (૧) અથવા કલમ ૩૯, અથવા કલમ ૪૦ હેઠળ કરવામાં આવ્યો હોય, તો તેને એક વર્ષ સુધીની કેદની સજા થઈ શકે છે પરંતુ લેખિતમાં નોંધવાના કારણો સિવાય, ચાર મહિનાથી ઓછી નહીં અને દંડને પણ પાત્ર રહેશે, અને (બી) જો ઉપરોક્ત આદેશ કલમ ૩૭ ની પેટા–કલમ (૨) હેઠળ કરવામાં આવ્યો હોય, તો એક મહિના સુધીની કેદની સજા અથવા એકસો રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે, અને (સી) જો ઉપરોક્ત આદેશ કલમ ૩૭ ની પેટા–કલમ (૩) હેઠળ કરવામાં આવ્યો હોય, તો એકસો રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

**એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ) :–**

"(૧) અનુસુચીત જાતી અથવા અનુસુચીત જનજાતીની સભ્ય ન હોય તેવી કોઈ વ્યકિત–

(આર)જાહેરમાં કોઈપણ સ્થળે અનુસુચીત જાતી અથવા અનુસુચીત જનજાતીના કોઈપણ સભ્યને ઉતારી પાડવાના ઈરાદાથી જાણી જોઈને અપમાન કરે અથવા ડરાવે,

(એસ) જાહેરમાં કોઈપણ સ્થળે અનુસચીત જાતી અથવા અનુસુચીત જનજાતીના કોઈ સભ્યને જ્ઞાતીના નામજોગ અપશબ્દો બોલે."

**એટ્રોસીટી એકટની કલમ–૩(૨)૫(એ) :–**

"(૨) અનુસુચીત જાતી અથવા અનુસુચીત જનજાતીની સભ્ય ન હોય તેવી કોઈ વ્યકિત–

(૫–એ) કોઈ વ્યકિત અનુસુચીત જાતી અથવા અનુસુચીત જનજાતીનો સભ્ય છે અથવા તેવી મિલકત તે સભ્યની છે તેવુ જાણવા છતા પણ તેવી વ્યકિત અથવા તે મિલકત વિરુધ્ધ અનુસુચીમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરે તો તે વ્યકિત તેવા ગુના માટે ઈન્ડીયન પીનલ કોડમાં દર્શાવેલ સજાને પાત્ર અને દંડને પાત્ર પણ ઠરશે."

**૧૩. આ કામે ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ થયેલો છે.**

**૧૩.૧** આ કામે ફરિયાદપક્ષે આંક–૨૪ થી ફરીયાદી દીલીપભાઈ કાનજીભાઈ દાફડાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ નોકરી કે છે અને તેમના પરિવારનુ ગુજરાન ચલાવે છે. ગઈ તા.૨૨/૫/૨૦૨૨ ના રોજ સવારે તે બસ સ્ટેશનમા રેસ્ટ રુમમા સુતા હતા તે વખતે ગોકીડો થતા તે ઉઠી ગયેલ અને ત્યા રહેલા સ્ટાફ મેમ્બર ઉંચા અવાજે વાતો કરતા હતા તેથી ''મે ઉજાગરો છે મને સુવો ધ્યો તેવુ કહેલ''. ત્યારબાદ તે મોબાઈલમા વાત કરતો હતો ત્યારે વિરલભાઈએ તેમની પાસે આવી અને સુવાને બદલે કેમ ફોનમા વાતો કરો છો? તેવી વાત કરેલ અને તે વખતે તે

નીંદરમા હતા ત્યારે અન્ય કોઇએ તેમને કાઇક કીધેલ. બનાવને ઘણા વર્ષો થઇ ગયેલ હોય તેમને ચોકકસ શબ્દો યાદ નથી. ત્યારબાદ તે ઉભા થયેલ ત્યારે ત્યાં આ વિરલભાઇ અને પરવેશભાઇ હાજર હતા અને વાતચીત કરતા હતા તે વખતે તે નીચે સુતા હતા ત્યાંથી ઉઠવા જતા સ્લીપ થઇ ગયેલ અને તેમને ઈજાઓ થયેલ. તે વખતે તેમને એવુ હતુ કે તેમને પરવેઝભાઇએ લાકડીથી શરીરે મારેલ, તેથી તેમને ઈજા થઇ તેવી ગેરસમજના કારણે તેમણે તેમના ડેપો મેનેજરને ફરીયાદ કરતા તેણે તેમને મોટર સાયકલમા ઉના સરકારી દવાખાને અને બાદમા મહેતા હોસ્પીટલ ખાતે સારવારમા દાખલ કરેલ. તેમને તરત રજા આપી દીધેલ. ત્યારબાદ રમેશભાઇ વાઘમશીભાઇ સાથે જઇ તેમને થયેલી ઈજા પરવેઝભાઇએ લાકડી મારતા થયાનુ માની અને વિરલભાઇ વ્યાસ પણ તે વખતે બોલાચાલી કરતા હતા તેવું માની તેમણે તે બન્ને સામે જ્ઞાતી પ્રત્યે હડધુત કરી મુંઢ ઈજાઓ કર્યાની ફરીયાદ કરેલી. તેમને અસલ ફરીયાદ બતાવતા તેમા પોતાની સહી ઓળખી બતાવે છે, જે આંક–૨૫ થી રજુ થયેલ છે. તેમને ફરીયાદમા જણાવેલ મુદામાલવાળી લાકડી બતાવવામા આવે તો તે ઓળખી ન શકે. ફરીયાદી બંને આરોપીઓને કોર્ટ રૂબરુ ઓળખી બતાવે છે.

**૧૩.૨** સદર ફરીયાદીની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એસ.ટી. ડેપોથી ઉના પો.સ્ટે. અડધો કી.મી.ના અંતરે આવેલુ છે અને મોટર સાયકલ પર જઇએ તો પાંચ મીનીટ જેટલો સમય લાગે. કહેવાતા બનાવની તે જ દીવસે ફરીયાદ કરેલ નહી. દવાખાને ગયા ત્યારે પણ કોઇ પોલીસ ફરીયાદ કરેલ નહી. તેમની ગેરસમજણના કારણે આ ફરીયાદ દાખલ કરેલી. આરોપીઓએ તેમની જ્ઞાતીનુ અપમાન થાય તેવા શબ્દો બોલેલ નહી કે તેઓની વચ્ચે સામાન્ય બોલાચાલી સીવાય અન્ય કોઇ બનાવ બનેલ નહી. આરોપીઓ તેમના સહકર્મચારી હોવાથી તેમને ઓળખે છે.

**૧૪.** આ કામે ફરિયાદપક્ષે આંક–૨૯ થી તપાસ અધિકારી ઘનશ્યામભાઇ બચુભાઇ બાંભણીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૨૨ મા એસ.સી/એસ.ટી. સેલમા ડી.વાય.એસ.પી. તરીકે નોકરી કરતા હતા તે દરમ્યાન ઉના પો.સ્ટે. મા ફરીયાદી દીલીપભાઇ દાફડાએ આરોપી વિરલભાઇ વ્યાસ અને પરવેઝખાન ધોરી વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એ. કલમ ૧૩૫ તથા એટ્રો. કલમ ૩(૧)(આર), ૩(૨)(૫) મુજબની ફરીયાદ પી.એસ.આઇ.શ્રી આર.આર.ગળચરને આપેલી, જે ફરીયાદ તેઓએ પી.એસ.ઓ., ઉનાને યાદી સાથે મોકલેલી અને ભારે ગુનાનો રીપોર્ટ તેઓએ મોકલેલ. સદર બન્ને યાદીમા પી.એસ.આઇ. આર.આર.ગળચરની સહી તેઓ ઓળખી બતાવે છે, જે અનુક્રમે આંક–૩૦, ૩૧ થી રજુ છે. તેઓને અસલ ફરીયાદ સાથે પી.એસ.ઓ., ઉનાનો ડેપ્યુટ હુકમ મળેલ, જે આંક–૩૨ થી રજુ છે. આ કામમાં તેઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ બે પંચો રુબરુ કરેલ, જે પંચનામા પંચ નં.૧ તરીકે ઇમરાનભાઇ શોરા અને પંચ નં.૨ તરીકે હરેશભાઇ ગાંડાભાઇ લાડુમોરે તેમના રુબરુ પંચ તરીકે સહી કરી આપેલ. તેઓએ તપાસ દરમ્યાન ભોગ બનનારનુ સારવાર સર્ટી. મેળવવા યાદી કરેલી. સદર યાદીમા તેમની સહીઓ ઓળખી બતાવે છે, જે અનુક્રમે આંક–૩૩, ૩૪ થી રજુ છે. આ કામના આરોપીઓનુ શરીર સ્થીતીનુ પંચનામુ બે પંચો રુબરુ તેઓએ કરેલ. તે વખતે તેણે પહેરેલા કપડા તથા શરીર સ્થીતીની વિગતોનો પંચનામામા ઉલ્લેખ કરેલ છે તેમજ બનાવમા વપરાયેલ લાકડી તેઓએ આરોપી નં.૨ પરવેઝખાન પાસેથી પંચો રુબરુ કબજે કરેલ અને આ આરોપીઓને નોટીસ આપેલ. આ બાબતનુ પંચનામુ તેઓએ પંચ બાબુભાઇ ખુમાણ અને મુખ્તાર રજાક રુબરુ કરી તેમા તેમની સહી કરેલ. આ કામના આરોપીઓની સરકારી દવાખાનામા મેડીકલ તપાસણી પી.આઇ., ઉનાએ કરાવેલ અને તેના ફોર્મ–એ મેડીકલ ઓફીસરે ઇશ્યુ કરેલ. તેમને માર્ક–૯/૧૦ વાળી યાદી બતાવતા તેમા પી.આઇ. ગોસ્વામી સાહેબની

સહી ઓળખી બતાવે છે, જે આંક–૩૫ થી રજુ છે. સી.એચ.સી., ઉના તરફથી ફોર્મ–એ મેડીકલ ઓફીસરની સહી વાળા તેઓને તપાસના કામે મળેલ, જે અનુક્રમે આંક–૩૬, ૩૭ થી રજુ છે. ફરીયાદી અનુ.જાતિ હોવાના સંબંધેનુ તપાસના કામે પ્રમાણપત્ર મેળવેલ, જે આંક–૩૮ થી રજુ છે. ગુનાના કામે જીલ્લા મેજી.સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ થતો હોય જીલ્લા મેજી. સાહેબશ્રીનુ જાહેરનામુ મેળવેલ, જે આંક–૩૯ થી રજુ છે. બનાવ વખતે હાજર આરોપી અને ફરીયાદીની નોકરીની વિગતો મેળવવા ડેપો મેનેજર, ઉના પાસેથી ડયુટી લીસ્ટ મેળવેલ, જે આંક–૪૦ થી રજુ છે. આ કામના આરોપીઓએ પણ ફરીયાદી સામે ફરીયાદ કરેલ, તે એફ.આઈ.આર. પણ તપાસના કામે રજુ રાખેલ, જે આંક–૪૧ થી રજુ છે. આ બનાવ સંબંધીત જરુરી અને બનાવને સમર્થનકારી માહીતી આપતા સાક્ષીઓના નીવેદનો મેળવેલ અને તપાસના કામે મેડીકલ સર્ટીઓ મેળવી સામેલ રાખેલ. સદર ગુનામા કલમ સુધારાનો રીપોર્ટ નામદાર કોર્ટને કરેલ, જેમા પોતાની સહી ઓળખી બતાવે છે, જે આંક–૪૨ થી રજુ છે. આ ગુનાની તપાસ દરમ્યાન તેઓને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. તેઓએ જે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ તે આરોપીઓને તેઓ કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**૧૪.૧** સદર તપાસ અધિકારીની બચાવપક્ષે આરોપીઓ તરફે ઉલટતપાસ કરતા સરતપાસમાં જણાવેલ પોતાની કામગીરીને સમર્થન આપેલ છે તેમજ બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકતો જણાવતા નથી.

## ૧૫. પુરાવાનું મુલ્યાંકન.

**૧૫.૧** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ કુલ બે સાહેદોને તપાસેલા છે તેમજ વિવિધ દસ્તાવેજી આધારો રજૂ કરેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના ફરીયાદી તથા આરોપીઓ

એસ.ટી. માં ફરજ બજાવે છે તેમજ આક્ષેપિત બનાવ તેઓની ફરજના સ્થળે બનવા પામેલ છે. વધુમાં નિર્વીવાદપણે આ કામે ક્રોસ ફરીયાદ થયેલ છે અને ક્રોસ કેસ પણ આ કોર્ટમાં જ ચાલી રહેલ છે. આરોપીઓ તથા ફરીયાદી એસ.ટી. નિગમના કર્મચારીઓ હોવાની હકિકત પણ નિર્વીવાદ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના ફરીયાદી અને આરોપીઓ વચ્ચે જયારે બોલચાલી થઇ ત્યારે આ કામના આરોપી નં. ૧ નાએ ફરીયાદીને ભુંડી ગાળો આપી ઢીકાપાટુનો માર મારેલ છે તેમજ આરોપી નં. ૨ નાએ લાકડી વડે માર મારી ઈજા કરી ગાળો આપેલ છે, જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે તેમજ જ્ઞાતિ વિષયક અપશબ્દો બોલી અપમાનીત કરેલ છે અને તે સબબની ફરીયાદ આપવામાં આવેલ છે. આ તબકકે ફરીયાદી કે જે એકમાત્ર ભોગ બનનાર સાહેદ છે તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓને આરોપીઓ સાથે બોલચાલી થયેલાની હકિકત જણાઇ આવે છે, પરંતુ આરોપીઓએ તેઓને માર મારેલ હોય, ગાળો આપેલ હોય, કોઈપણ પ્રકારની ધમકી આપેલ હોય કે જાતિ પ્રત્યે અપશબ્દો બોલી તેઓનું અપમાન કરેલ હોય તેમ જણાઇ આવતું નથી. તેઓના કથન મુજબ તેઓ નીંદરમાં હોવાથી કોઇએ તેઓને કાંઇક કહેલ, પરંતુ કોણે શું કહેલ તે તેઓને ખબર નહિં હોવાનું તેઓ જણાવે છે. વધુમાં તેઓના કથન મુજબ તેઓ નીચે સૂતા હતા અને ત્યાંથી ઉઠવા જતા તેઓ પડી જવાથી તેઓને ઈજા થયેલાનું તેઓએ જણાવેલ છે અને આમ, આરોપીઓ દ્વારા માર મારવાથી ઈજા થયેલાનું જણાઇ આવતું નથી. વધુમાં તેઓની સરતપાસ મુજબ તેઓએ જે તે સમયે ગેરસમજના કારણે હાલના આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલ હોવાનું ફલીત થાય છે. વધુમાં તેઓ કહેવાતો મુદ્દામાલ ઓળખી શકતા નહિં હોવાનું પોતાની સરતપાસમાં જ જણાવે છે. આમ, તેઓની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો હાલના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ જણાતું નથી. તેઓની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવની ફરીયાદ તે જ દિવસે કરેલ નહિં હોવાનું કબુલે છે અને

આમ, ગેરસમજણના કારણે પછીથી ફરીયાદ દાખલ કરેલ હોય તેમ જણાઇ આવે છે. વધુમાં તેઓ કહેવાતી ઇજાની સારવાર કરાવવા સારૂ હોસ્પીટલ ગયા ત્યારે પણ તેઓએ ફરીયાદ કરેલ નહિં હોવાનું કબુલે છે. તેઓએ પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટપણે એ સજેશનનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેઓની જાતિનું અપમાન થાય તેવા શબ્દો બોલેલ નથી કે તેઓની વચ્ચે સામાન્ય બોલાચાલી સીવાય અન્ય કોઇ બનાવ બનેલ નથી. વધુમાં આરોપીઓ તેઓના સહકર્મચારી હોવાના કારણે તેઓ આરોપીઓને કોર્ટમાં ઓળખતા હોવાનું જણાવે છે. આમ, ફરીયાદી કે જેઓ ભોગ બનનાર સાહેદ છે તેઓની જુબાની પરથી આરોપીઓએ આક્ષેપિત ગુનો આચરેલ હોય તેમ જણાઇ આવતું નથી, પરંતુ ગેરસમજણના કારણે ફરીયાદ કરવામાં આવેલ હોય તેમ સ્પષ્ટપણે જણાઇ આવે છે.

**૧૫.૨** આ કામના તપાસ કરનાર અમલદાર ઘનશ્યામભાઇ બચુભાઇ બાંભણીયાની આંક-૨૯ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીને પોતાની જુબાનીમાં વર્ણવેલ છે, પરંતુ અગાઉ થયેલ ચર્ચાનુસાર જયારે ભોગ બનનાર પોતે જ પોતાના પુરાવાના માધ્યમથી આરોપીઓને ગુના સાથે સાંકળતા ન હોવાથી માત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીઓને તકશીરવાન ઠરાવવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

**૧૫.3** આ કામે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આંક-૨૫ થી ફરીયાદ રજૂ થયેલ છે, પરંતુ આંક-૨૪ થી તપાસવામાં આવેલ ફરીયાદી પોતાની આંક-૨૫ વાળી ફરીયાદને લેશમાત્ર સમર્થન આપતા નથી અને તેથી ફરીયાદના કન્ટેન્ટ પુરવાર થતા નથી અને આમ, ફરીયાદ ફરીયાદીના પુરાવા થકી પુરવાર થતી નથી. આંક-૨૬ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે, પરંતુ તેનાથી માત્ર બનાવવાળી જગ્યાની સ્થળસ્થીતિ રેકર્ડ ઉપર આવે છે. સદરહુ પંચનામું ધ્યાને લેવામાં આવે તો ત્યાંથી કોઇ ગુનાહિત ચિજવસ્તુ મળી આવેલ નથી કે ત્યાં સી.સી.ટી.વી. ફુટેજ મળી શકે

તેમ નથી. આમ, સદરહુ પંચનામું પુરવાર થયેલાનું માની લેવામાં આવે તો પણ તેનાથી આરોપીઓની ગુનામાં સંડોવણી હોવાનું પુરવાર થતું નથી. આંક–૨૭ થી આરોપીઓનું અટક પંચનામું તથા મુદ્દામાલ રીકવરી પંચનામું રજૂ થયેલ છે. આરોપીઓની અટક નિર્વીવાદ છે, જયારે એક આરોપી પાસેથી મુદ્દામાલ લાકડી મળી આવેલાનો ફરીયાદપક્ષનો કેસ છે, પરંતુ આ તબકકે ફરીયાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો આ લાકડી તેઓ કોર્ટ રૂબરૂ ઓળખી શકતા નહિં હોવાનું જણાવે છે અને આમ, લાકડી મળી આવેલાનું માની લેવામાં આવે તો પણ તે લાકડી વડે આક્ષેપિત ગુનો આચરવામાં આવેલાનું પુરવાર થતું નથી. આંક–૨૮ થી ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ રજૂ થયેલ છે, જેમાં તેઓએ હિસ્ટ્ર લખાવેલ છે, પરંતુ ફરીયાદીની આંક–૨૪ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ પડી જવાથી ઈજા થયેલાનું અને જે તે સમયે ગેરસમજણના કારણે તેઓએ હાલના આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલાનું જણાવે છે અને આમ, જયારે ફરીયાદીનો પુરાવો જ આરોપીઓને ગુના સાથે સાંકળતો ન હોય ત્યારે તેઓએ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ હિસ્ટ્રી આપેલ હોવાના કારણમાત્રથી આરોપીઓની ગુનામાં સંડોવણી હોવાનું માની શકાય નહિં. આંક–૩૦ અને આંક–૩૧ થી પોલીસ યાદી રજૂ કરવામાં આવેલ છે તેમજ આંક–૩૨ થી તપાસનો ડેપ્યુટ હુકમ રજૂ થયેલ છે, જે પોલીસ સ્ટેશનનો આંતરિક પત્રવ્યવહાર છે અને તે દસ્તાવેજો ધ્યાને લેતા તેના પરથી આરોપીઓની ગુનામાં સંડોવણી હોવાનું પુરવાર થતું નથી. આંક–૩૩ તથા આંક–૩૪ થી સારવાર સર્ટીફીકેટ મેળવવા લખવામાં આવેલ યાદીઓ છે તેમજ આંક–૩૫ થી આરોપીઓની મેડીકલ તપાસણી કરવા માટે કરવામાં આવેલ યાદી છે. સદરહુ દસ્તાવેજો પરથી પણ આરોપીઓની ગુનામાં સંડોવણી હોવાનું પુરવાર થતું નથી. આંક–૩૬ અને આંક–૩૭ થી આરોપીઓના સી.એચ.સી. દ્વારા આપવામાં આવેલ ફોર્મ–એ રજૂ થયેલા છે, જેના પરથી પણ હાલના આરોપીઓને સદરહુ ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આંક–૩૯ થી હથીયારબંધીનું જાહેરનામું

રજૂ થયેલ છે, પરંતુ સદરહુ જાહેરનામું યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલાની હકિકત પુરવાર થતી નથી અને આમ, સદરહુ દસ્તાવેજ આંકે પડી જવામાત્રથી પુરવાર થતો નથી. આંક–૩૮ થી ફરીયાદીનો જાતિનો દાખલો રજૂ થયેલ છે, જેના પરથી ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય હોવાનું પુરવાર થાય છે, પરંતુ તેનાથી આક્ષેપિત ગુનામાં હાલના આરોપીઓની સંડોવણી હોવાનું માની શકાય તેમ નથી. આંક–૪૦ થી એસ.ટી. નિગમનું ડયુટી લીસ્ટ રજૂ કરવામાં આવેલ છે, જેના પરથી ફરીયાદી તે દિવસે ફરજ ઉપર હોવાનું પુરવાર થાય છે, પરંતુ તેનાથી પણ હાલના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આંક–૪૧ થી ક્રોસ ફરીયાદ રજૂ થયેલ છે અને તે હકિકત નિર્વીવાદ છે. આંક–૪૨ થી કલમ ઉમેરાનો રીપોર્ટ કરવામાં આવેલ છે અને તે હકિકત પણ રેકર્ડ પરથી ફલીત થાય છે, પરંતુ સદરહુ દસ્તાવેજ પરથી પણ હાલના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૧૬.** આમ, રજૂ કરવામાં આવેલ મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી આધારો ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદીને ઈજા થયેલાનું ફલીત થાય છે, પરંતુ આ ઈજા હાલના આરોપીઓએ પહોંચાડેલ હોય તેવી હકિકત બહાર આવતી નથી. વધુમાં ફરીયાદી અનુસુચિત જાતિના હોવાનું માની લેવામાં આવે તો પણ હાલના આરોપીઓએ તેઓને જાતિ વિષયક અપશબ્દો બોલી અપમાનીત કરેલ હોવાની હકિકતનો ફરીયાદી ઈન્કાર કરે છે અને તેથી તે હકિકત પણ પુરવાર થતી નથી. ફરીયાદીના કથન મુજબ જે તે સમયે ગેરસમજણના કારણે ફરીયાદ આપેલી હોવાનું માનવાને કારણે રહે છે. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**– :: આખરી હુકમ :: –**

૧. આથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) મુજબ આરોપીઓ (૧) વિરલભાઇ વિજયભાઇ વ્યાસ તથા (૨) પરવેઝખાન હસનખાન ઘોરી નાઓને તેઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટીઝ એકટની કલમ–૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–અ) મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

3. દરેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭એ મુજબ આ હુકમથી છ માસ સુધી અમલમાં રહે તે રીતેના રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપવા.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માહે જુલાઇ સને ૨૦૨૬ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– ઉના.
તારીખ:– ૧૩–૦૭–૨૦૨૬

(સુનિલ મહેન્દ્રભાઇ ગોવાણી),
૩જા એડીશ્નલ સેશન્સ જજ અને
સ્પેશ્યલ જજ (એટ્રોસીટીઝ),
ઉના, જીલ્લો:– ગીર સોમનાથ.
કોડ નં. જીજે૦૦૯૧૮